ગુજરાત સરકારે 'વિકસિત ભારત @2047' માટે ઔદ્યોગિક નીતિઓમાં સુધારાના ઉદ્દેશથી કરી ટાસ્ક ફોર્સ સમિતિઓની રચના

૧૨ ક્ષેત્ર માટેની વિશિષ્ટ ટાસ્ક ફોર્સ સમિતિઓ નીતિઓના આધુનિકીકરણ માટે કાર્ય કરશે: ગુજરાત સરકારે અત્યાધુનિક ઔદ્યોગિક વ્યવસ્થાનું નિર્માણ કરવા માટે ઉદ્યોગ અને યુનિવર્સિટીઓ સાથે કર્યો સહયોગ

ગાંધીનગર એચ.ઓ , ભારતના ઔદ્યોગિક વિકાસના એન્જિન તરીકે ગુજરાતની ભૂમિકા વધુ મજબૂત થવા જઈ રહી છે. ગુજરાત સરકારે વિકસિત ભારત @2047ના સંદર્ભમાં તેની ઔદ્યોગિક નીતિની રૂપરેખાની સમીક્ષા અને તેમાં સુધારો કરવા માટે મહત્વની પહેલ હાથ ધરી છે, જે ભારતને ૨૦૪૭ સુધીમાં એક વિકસિત દેશ બનાવવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનમાં નોંધપાત્ર યોગદાન આપશે.

આ પહેલનો ઉદ્દેશ એક ડેટા-આધારિત, અત્યાધુનિક પોલિસી ફ્રેમવર્ક (નીતિ માળખું) સ્થાપિત કરવાનો છે, જે રોકાણને અનુકૂળ હોય, નવીનતાને પ્રોત્સાહન આપે અને લાંબા ગાળાના સામાજિક અને આર્થિક વિકાસને વેગ આપે. આ લક્ષ્યને સાકાર કરવા માટે સરકારે ૧૨ વિશિષ્ટ ટાસ્ક ફોર્સ સમિતિઓની રચના કરી છે. આ સમિતિઓ વર્તમાન નીતિઓની સમીક્ષા કરશે, વૈશ્વિક ધોરણો સાથે સરખાવીને તેમાં સુધારો કરવાનો પ્રયત્ન કરશે અને ઊભરતા આર્થિક અને તકનીકી વલણોને સંબોધવા માટે વ્યૂહરચનાઓ તૈયાર કરશે.

વિકસિત ગુજરાત @2047ના ધ્યેય માટે નીતિ નિર્માણમાં સહયોગ આપશે આ ૧૨ સમિતિઓ

૧. સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ ક્ષેત્ર વિકાસ માટેની સમિતિ

૨. ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને જમીન સંબંધિત બાબતોના વિકાસની સમિતિ

૩. પર્યાવરણીય સંરક્ષણ અને ઔદ્યોગિક પ્રદૂષણ નિયંત્રણ સમિતિ

૪. વેપાર, વાણિજ્ય અને સેવા ક્ષેત્રના વિકાસની સમિતિ

૫. ઉદ્યોગની જરૂરિયાતોને અનુરૂપ કૌશલ્ય વિકાસ અને રોજગાર સર્જન માટેની સમિતિ

૬. રાજ્યમાં પ્રાથમિક ક્ષેત્રો અને મુખ્ય ઉદ્યોગોના વિકાસ માટેની સમિતિ

૭. જોખમમાં મુકાયેલા એકમોના પુનરુત્થાન અને પુનઃસ્થાપન માટેની સમિતિ

૮. એરોસ્પેસ અને સંરક્ષણ ક્ષેત્ર માટેની સમિતિ

૯. સ્ટાર્ટઅપ સમિતિ

૧૦. સંશોધન અને વિકાસ પર કેન્દ્રિત સમિતિ

૧૧. ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસ સમિતિ

૧૨. રાજ્ય સ્તરની ટાસ્ક ફોર્સ સમિતિ

ઉલ્લેખનીય છે કે, એક વ્યાપક અને સહભાગી નીતિની રચના કરવા માટે દરેક સમિતિમાં ઉદ્યોગ સંગઠનો, શૈક્ષણિક સંસ્થાઓ, ચેમ્બર ઑફ કૉમર્સ અને સંશોધન સંસ્થાઓના પ્રતિનિધિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગુજરાતે હંમેશા પ્રગતિશીલ ઔદ્યોગિક નીતિઓ પર ભાર મૂક્યો છે. આ નીતિઓ રોકાણ આકર્ષવામાં, રોજગારીનું સર્જન કરવામાં અને માળખાગત સુવિધાઓને મજબૂત બનાવવામાં મદદરૂપ બની છે.

બુલેટ ટ્રેન કેટલે પહોંચી? સ્વયં રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આપ્યું અપડેટ

મુંબઈ, મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ધીમે ધીમે અને સ્થિર રીતે આગળ વધી રહ્યો છે. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે મંગળવારે આ પ્રોજેક્ટના નિર્માણ અંગેના તાજેતરના અપડેટમાં માહિતી આપી હતી કે ૩૦૦ કિમી લાંબા પુલનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે. ભારતમાં પ્રથમ વખત તેના બાંધકામ માટે ફુલ સ્પાન લોન્ચિંગ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અગાઉ, એડવાન્સ્ડ ટ્રેક સ્લેબ લેઈંગ કારનો ઉપયોગ કરીને, હાઈ-સ્પીડ ટ્રેન કામગીરી માટે સ્થિર આધાર સુનિશ્ચિત કરવા માટે પ્રીકાસ્ટ ટ્રેક સ્લેબ સ્થાપિત કરવામાં આવ્યા હતા. આ ભારતના પ્રથમ બુલેટ ટ્રેન કોરિડોરના નિર્માણમાં સતત પ્રગતિ દર્શાવે છે. વડોદરામાં બુલેટ ટ્રેન સ્ટેશનનું નિર્માણ કાર્ય પણ સતત ચાલી રહ્યું છે. સમાચાર અનુસાર, હાલના રેલ્વે સ્ટેશન અને સેન્ટ્રલ બસ ડેપોની નજીક સ્થિત, આ સ્ટેશન બહુવિધ પરિવહન વિકલ્પોની સરળ એક્સેસ પ્રદાન કરશે, કનેક્ટિવિટી અને મુસાફરોની સુવિધામાં વધારો કરશે. આ ઉપરાંત, બુલેટ ટ્રેનના મૂળ સ્ટેશન, મુંબઈના બીકેસી સ્ટેશન પર કામ પણ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. આ બહુમાળી ઈમારતની ટોચ પર બનાવવામાં આવશે. તેમાં ૩ ભોંયરાઓ છે. આ એક વિશ્વ કક્ષાનું સ્ટેશન બની રહ્યું છે. ટનલનું કામ પણ ઝડપથી ચાલી રહ્યું છે.

ગુજરાતના પટેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરે ઉત્તર પ્રદેશમાં ૨૪ કલાકમાં રોડ નિર્માણનો વિશ્વ રેકોર્ડ બનાવ્યો

અમદાવાદ, દેશના ગતિશીલ બાંધકામ ક્ષેત્રમાં અગ્રણી ફાળો આપનારી ગુજરાતની પટેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડે, ૬ લેન ગંગા એક્સપ્રેસવે પ્રોજેક્ટના સૌથી ઝડપી બાંધકામનો વિશ્વ રેકોર્ડ બનાવીને ઈતિહાસમાં પોતાનું નામ નોંધાવ્યું છે. તે ભારતનો સૌથી લાંબો એક્સપ્રેસ વે છે, જે રાજ્યની માલિકીનો છે અને ઉત્તર પ્રદેશના ગતિશીલ અને સ્વપ્નદ્રષ્ટા મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથજીનો સ્વપ્ન પ્રોજેક્ટ છે. આ વિશ્વ રેકોર્ડમાં ૩૪.૨૪ કિલોમીટર પર બિટ્યુમિનસ કોંક્રિટ નાખવાનો સમાવેશ થાય છે, જેમાં ૨૦,૧૦૫ મેટ્રિક ટન બિટ્યુમિનસ કોંક્રિટનો ઉપયોગ થાય છે અને ૧,૭૧,૨૧૦ ચોરસ મીટર આવરી લેવામાં આવે છે, આ બધું ૨૪ કલાકના નોન-સ્ટોપ ઓપરેશનમાં અને પટેલ એન્જિલરી કંપની રોડ શિલ્ડ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ૧૦ કિમી મેટલ બીમ ક્રેશ બેરિયર ઈન્સ્ટોલેશન દ્વારા કરવામાં આવ્યું છે. આ સિદ્ધિને ત્રણ મુખ્ય રેકોર્ડ સત્તાવાળાઓ - ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ, ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ અને એશિયા બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા સત્તાવાર રીતે માન્યતા અને પ્રમાણિત કરવામાં આવી છે. UPEIDA ના CEO શ્રી મનોજ કુમાર સિંહના વિઝન અને દેખરેખ હેઠળ આ વર્લ્ડ રેકોર્ડ શક્ય બન્યો હતો. સ્થાનિક અને રાજ્ય સત્તાવાળાઓના સંપૂર્ણ સમર્થન સાથે - આ મહત્વપૂર્ણ પટ્ટાની પૂર્ણતા સ્થાનિક પ્રદેશ અને ઉત્તર પ્રદેશ રાજ્ય બંને માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, જે પ્રાદેશિક વિકાસ અને રાષ્ટ્રીય જોડાણ માટે ઉત્પ્રેરક તરીકે સેવા આપે છે. (૨૨-૧)

એક મહિનામાં સૂકા મેવાના ભાવમાં વધારો જોવા મળ્યો

રાજકોટ,

સામાન્ય રીતે ડ્રાયફ્રુટ મોટાભાગના લોકોને ભાવતા હોય છે. પરંતુ તાજેતરમાં સર્જાયેલી યુદ્ધની પરિસ્થિતિની અસર ડ્રાયફ્રુટના ભાવ પર પણ પડી છે. બજારોમાં કાજુ અને બદામની ખરીદી માટે આવેલા ગ્રાહકો હવે ભાવો સાંભળીને અચંબિત થઈ જાય છે. છેલ્લા એક મહિનામાં સૂકા મેવાના ભાવમાં ૧૦થી ૧૫ ટકાનો નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

ભારત-પાકિસ્તાન વચ્ચે સતત વધતા તણાવ અને અથડામણની પરિસ્થિતિએ માત્ર સૈન્ય અને રાજકીય સ્તરે જ નહીં, પણ બજારમાં પણ અસર જોવા મળી રહી છે. ખાસ કરીને ડ્રાયફ્રૂટ માર્કેટ પર એનો સીધો પડ્યો પડ્યો છે. આ અંગે શહેરના જાણીતા ડ્રાયફ્રૂટ વેપારી દિપકભાઈએ જણાવ્યું કે, "અત્યારે કાજુ અને બદામના ભાવમાં વધારો જોવા મળ્યો છે. કારણ કે ઈરાન અને અફઘાનિસ્તાનથી જે ડ્રાયફ્રુટ આવે છે તે વાયા પાકિસ્તાન થઈને વાઘા બોર્ડર મારફતે જ આવે છે. ત્યારે આ બોર્ડર બંધ થતાં સપ્લાય અટક્યો છે જેથી ભાવમાં વધારો જોવા મળ્યો છે." ભાવ વધારા અંગે તેમણે જણાવ્યું કે, "ખાસ કરીને અત્યારે કિસમિસ, જરદાલુ, કાજુ, બદામ અને અંજીરના ભાવમાં વધારો જોવા મળ્યો છે. અગાઉ જે કાજુ ૮૦૦ કિલો મળતો હતો તે હવે ૯૫૦ થી૧૧૦૦ સુધી પહોંચી ગયો છે. બદામ પણ ૭૫૦માંથી હવે ૯૦૦ સુધી ગયા છે. આફ્રિકા અને વિયેતનામમાંથી કાજુની ઈમ્પોર્ટ મોડી પડી છે."

બીજી તરફ લોકોમાં આરોગ્ય માટે સૂકા મેવાની માંગ વધી રહી છે. સપ્લાય ઓછી અને માંગ વધુ હોવાના કારણે અત્યારે ડ્રાયફ્રુટના ભાવમાં વધારો જોવા મળ્યો છે. અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાંથી આવતા અખરોટ, પિસ્તા અને અંજીર જેવી ચીજવસ્તુઓનો સ્ટોક ઘટી ગયો છે. જો એ તરફથી સપ્લાય અટકે, તો નેચરલી ભાવ ઊંચા જશે. જોકે અત્યારે આપણા દેશમાં આગામી ૬ મહિના સુધી ચાલે એટલો ડ્રાયફ્રુટનો સ્ટોક છે. પરંતુ જો પરિસ્થિતિ આવીને આવી રહે તો શું થાય? એવા ડરથી વેપારીઓ એકબીજાને માલ વેચવાનું જોખમ લેવા ઈચ્છતા નથી.

દિપકભાઈએ વધુમાં જણાવ્યું કે, "હવે તો અફઘાનની જ કિસમિસ નહીં પણ ભારતમાંથી આવતી કિસમિસ પણ ખુબ સારી હોય છે એટલે કે ધીમે ધીમે ડ્રાયફ્રુટને મામલે ભારતમાં સારી એવી ખેતી થઈ રહી છે. જેથી લોકોએ ચિંતા કરવાની જરૂર નથી. ભાવ વધશે તો પણ ૧૦-૧૨ ટકા વધશે."

સાયન્સ સિટીમાં જૈવિક વિવિધતા દિનની ઉજવણી કરાઈ

અમદાવાદ, આંતરરાષ્ટ્રીય જૈવિક વિવિધતા દિનના અવસરે સાયન્સ સિટીની એક્વેટિક ગેલેરી ખાતે વિશિષ્ટ શૈક્ષણિક મુલાકાત અને જાગૃતિ સત્રનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ જૈવિક વિવિધતા અને પર્યાવરણીય સંરક્ષણ અંગે જનજાગૃતિ ફેલાવવાનો હતો. એક્વેટિક ગેલેરીના પ્રતિભાશાળી સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સામાન્ય જનતાને જળચર પ્રાણીઓ અને તેની વિવિધ પ્રજાતિઓ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી.

આ પ્રવૃત્તિમાં વાઈલ્ડલાઈફ બાયોલોજી, એકોલોજી અને જળચર જીવવિજ્ઞની વિશેષતાઓ અંગે ચર્ચા થઈ, જેમાં વિદ્યાર્થીઓને પ્રકૃતિ સાથે સંબંધિત અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ સમજાવવામાં આવ્યા.

આ ઉપરાંત, વિદ્યાર્થીઓને આ બાબતે પ્રશ્નો પૂછવામાં આવ્યા અને સાચો જવાબ આપનાર વિદ્યાર્થીને ભેટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં. સાયન્સ સિટી દ્વારા આયોજિત આ કાર્યક્રમ એ માત્ર શૈક્ષણિક જ નહીં, પરંતુ પર્યાવરણીય સંરક્ષણ માટેની સામાજિક જવાબદારી પણ ઊભી કરવાનો પ્રયાસ હતો. આવા કાર્યક્રમો દ્વારા લોકોમાં પર્યાવરણ પ્રત્યેની સમજણ વધારવા અને તેમને આ પવિત્ર જીવનસોતને બચાવવા માટે પ્રેરિત કરવામાં સહાય મળે છે. આજના જમાનામાં જૈવ વૈવિધ્યતા અને પ્રકૃતિનું સંરક્ષણ એટલું જ જરૂરી છે જેટલું કે શ્વાસ લેવું. આ જાગૃતિથી જ આપણે પૃથ્વી અને તેની જળચર જીવનશૈલીને ટકાવી શકીશું અને આવતી પેઢીઓને સ્વચ્છ, સત્વર અને સમૃદ્ધ પર્યાવરણ મળી શકશે. –

૨૦૨૪-૨૫ના ચોથા ત્રિમાસિક ગાળામાં કિલિચ ડ્રગ્સ લિમિટેડનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૨૧૨ ટકા વધ્યો

અમદાવાદ, બીએસઈ (બોમ્બે સ્ટોક એક્સચેન્જ) અને એનએસઈ (નેશનલ સ્ટોક એક્સચેન્જ) પર લિસ્ટેડ અગ્રણી ફાર્માસ્યુટિકલ કંપની કિલિચ ડ્રગ્સે ૩૧ માર્ચ, ૨૦૨૫ના રોજ પૂર્ણ થયેલા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ચોથા ત્રિમાસિક ગાળા માટે એના અનઑડિટેડ (હિસાબ ન થયેલા) નાણાકીય પરિણામોની જાહેરાત કરી હતી. કિલિચ ડ્રગ્સ ઉચ્ચ ગુણવત્તાયુક્ત પેરેન્ટેરલ, ઇન્જેક્ટેબલ્સ, ઓરલ સોલિડ્સ અને એફર્વસન્ટના ઉત્પાદન અને વિતરણમાં કુશળતા ધરાવે છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ચોથા ત્રિમાસિક ગાળામાં કરવેરાની ચુકવણી પછીના કુલ નફા કે ચોખ્ખા નફા (પીએટી)માં વાર્ષિક ધોરણે ૧૭૮ ટકાની વૃદ્ધિ કરી હતી અને તેનો ચોખ્ખો નફો રૂ. ૧,૦૨૧.૮૬ લાખ થયો હતો, જે અગાઉના નાણાકીય વર્ષના સમાન ગાળામાં રૂ. ૩૬૮.૦૭ લાખ હતો. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ચોથા ત્રિમાસિક ગાળામાં કામગીરીમાંથી એની ત્રિમાસિક કુલ આવક રૂ. ૬,૧૨૨.૫૮ લાખ કરી હતી, જે વાર્ષિક ધોરણે ૩૭ ટકા વધી હતી. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના ચોથા ત્રિમાસિક ગાળામાં કંપનીની કામગીરીમાંથી આવક રૂ. ૪,૪૮૧.૮૮ લાખ હતી. કામગીરીમાંથી આવકમાં વૃદ્ધિ માટે દુનિયાભરમાં સતત વધતી માગ પૂર્ણ કરવા સાતત્યપૂર્ણ પ્રયાસો જવાબદાર છે અને અમે આ પ્રયાસોને જાળવી રાખીશું. એ જ રીતે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ચોથા ત્રિમાસિક ગાળામાં સ્વતંત્ર ધોરણે કંપનીનો ચોખ્ખો નફો (પીએટી) ૨૧૨ ટકા વધીને રૂ. ૧,૧૩૭.૪૧ લાખ અને આવક ૪૪ ટકા વધીને રૂ. ૧૮,૧૫૮.૭૩ લાખ થઈ હતી.

ભારત માટે ફક્ત બે ટેસ્ટ રમનાર ખેલાડીને BCCIએ બનાવ્યો હેડ કોચ

નવી દિલ્હી,

ભારતીય ક્રિકેટ ટીમ આવતા મહિને ઈંગ્લેન્ડના મહત્વપૂર્ણ પ્રવાસ માટે રવાના થશે, જેમાં ઈન્ડિયા-A ટીમ અને સિનિયર ટીમ બંને હશે. ઈન્ડિયા-છ ટીમનો પ્રવાસ ૩૦ મેથી શરૂ થશે. આ ટીમની કમાન અભિમન્યુ ઈશ્વરનના હાથમાં છે. ઈન્ડિયા-A ટીમ ઈંગ્લેન્ડ લાયન્સ સામે બે ફર્સ્ટ-ક્લાસ મેચ રમશે, જે યુવા ભારતીય ખેલાડીઓ માટે અનુભવ મેળવવા અને આંતરરાષ્ટ્રીય સ્તરના વાતાવરણનો અનુભવ કરવાની તક હશે. આ ઉપરાંત ઈન્ડિયા-છને સિનિયર ભારતીય ટીમ સામે પ્રેક્ટિસ મેચ પણ રમવાની છે. આ દરમિયાન એક મોટા સમાચાર સામે આવ્યા છે. BCCIએ ઈન્ડિયા-A ટીમના મુખ્ય કોચની જાહેરાત કરી છે, જે આ પ્રવાસ પર ટીમ સાથે રહેશે.

BCCIએ આગામી ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ઈન્ડિયા-છ ટીમના મુખ્ય કોચ તરીકે ભૂતપૂર્વ ભારતીય ઓલરાઉન્ડર ઋષિકેશ કાનિટકરની નિમણૂક કરી છે. ઋષિકેશ કાનિટકરે ભારત માટે બે ટેસ્ટ મેચ રમી છે. જોકે, તેને કોચિંગનો સારો અનુભવ છે. આ પ્રવાસ ૩૦ મેથી શરૂ થવાનો છે. રાજીબ દત્તા ટીમના બોલિંગ કોચ રહેશે, જ્યારે જોયદીપ ભટ્ટાચાર્ય ફિલ્ડિંગ કોચ રહેશે. અભિમન્યુ ઈશ્વરનના નેતૃત્વ હેઠળની ઈન્ડિયા-છ ટીમ તેના આગામી ઈંગ્લેન્ડ પ્રવાસમાં ત્રણ મેચ રમવાની છે - બે મેચ ઈંગ્લેન્ડ લાયન્સ સામે (૩૦ મે-૨ જૂન કેન્ટરબરીમાં અને ૬-૯ જૂન નોર્થમ્પ્ટનમાં) અને ત્યારબાદ એક મેચ સિનિયર ઈન્ડિયા ટીમ સામે (૧૩-૧૬ જૂન) રમશે.

ભારત માટે બે ટેસ્ટ અને ૩૪ વનડે રમી ચૂકેલા અત્યંત અનુભવી કાનિટકરે ૧૪૬ ફર્સ્ટ-ક્લાસ મેચોમાં ૫૨.૫૬ની સરેરાશથી ૧૦,૪૦૦ રન બનાવ્યા છે. મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ખેલાડીએ અગાઉ ભારતીય મહિલા ટીમ (૨૦૨૨ એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનાર), ઈન્ડિયા-છ અને ભારત અંડર-૧૯ ટીમ (૨૦૨૨ અંડર-૧૯ વર્લ્ડ કપ જીતનાર)ને કોચિંગ આપ્યું છે.

યુનીસન મેટલ્સ લિમીટેડ

CIN:L52100GJ1990PLC013964

રજી. ઓફીસ : પ્લોટ નં. ૫૦૧૫, ફેઝ-૪, રામોલ ચાર રસ્તા, જીઆઈડીસી, વટવા, અમદાવાદ- ૩૮૨૪૪૫, ટેલી: ૦૭૯-૨૫૮૪૧૫૧૨

વેબસાઇટ : www.unisongroup.net ઈ-મેલ : unisonmetals@gmail.com.

નોટિસ

સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર જરૂરીયાતો) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમન ૪૭ સાથે વાંચેલા રેગ્યુલેશન ૨૯ ને અનુસરીને, આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મીટિંગ શુક્રવારે ૩૦મી મે ૨૦૨૫ ના રોજ રજિસ્ટર્ડ ઓફિસ ખાતે યોજવાની છે. કંપનીએ ૩૧માર્ચ ૨૦૨૫ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને વાર્ષિકગાળા માટે કંપનીના ઓડિટેડ નાણાકીય પરિણામોને ધ્યાનમાં લેવા, મંજૂર કરવા અને રેકોર્ડ કરવા.

આ માહિતી કંપનીની વેબસાઈટ એટલે કે www.unisongroup.net અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ એટલે કે www.bseindia.com પર પણ ઉપલબ્ધ હશે.

યુનિસન મેટલ્સ લિમીટેડ
સહી/- મિતાલીબેન આર. પટેલ
કંપની સેક્રેટરી

સ્થળ :- અમદાવાદ
તારીખ :- ૨૩-૦૫-૨૦૨૫

ભૌતિક કબ્જા નોટીસ

ICICI Bank | **બ્રાન્ચ ઓફિસઃ આઈસીઆઈસીઆઈ બેંક લિ,ઓફિસ નંબર ૨૦૧-બી, ૨જો માળ, રોડ નં. ૧ પ્લોટ નં. -બી૩, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલો ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, થાણે (વેસ્ટ)-૪૦૦૬૦૪.**

સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઇનાન્સ એસેટ એન્ડ ઇનફોર્મ્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ઈન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંકના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહી દર્શાવિલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.

કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનોકબ્જો લઈ લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	કરજદારોનું નામ / લોન એકાઉન્ટ નંબર	મિલ્કતની વિગત / ભૌતિક કબ્જાની તારીખ	ડિમાંડ નોટીસની તારીખ / ડિમાંડ નોટીસની રકમ (રૂ)	શાખાનું નામ
૧.	દુધરેજીયા હિના ચંદેશભાઈ/દુધરેજીયા મેરૂનબેન- TBRAJ00006684456/ LBRAJ00006697030	ફ્લેટ નં. ૪૦૨, ૪થો માળ, કેડીએમ એમ્પાયર, છત્રપતિ શિવાજી ટાઉનશીપ સામે, આરએસ નં. ૬૨૦ પૈકી ૨/પૈકી ૧, ટીપીએસ નં. ૨૪, એફપી નં. ૧૩/૨, પ્લોટ નં. ૧૫ થી ૨૪, સીએસ વાર્ડ નં. ૧૮, સીએસ નં. ૧૮૩૧/૧૭ પૈકી, કર્ણાવટી ઈન્ટરનેશનલ સ્કુલ રોડ, ૧૫૦ ફિટ રીંગ રોડ, રાજકોટ- ૩૬૦૦૦૩/૧૮ મે, ૨૦૨૫	૩૦ મે, ૨૦૨૪ રૂા. ૨૧,૧૪,૮૧૧.૦૦/-	રાજકોટ
૨.	હિમેશ બાબુલાલ રાજગોર/સંધ્યાબેન હિમેશભાઈ રાજગર- LBRRD00005342328	પ્લોટ નં. સી/૧૪, કુબેર રત્ના, કુબેર અક્ષર સિટી પાસે, આરએસ નં. ૩/૧/કે, ખુલ્લો પ્લોટ નં. ૧, ડભોઈ, હંસાપુરા, વડોદરા- ૩૯૦૦૧૯/૧૯ મે, ૨૦૨૫	૧૧ જાન્યુઆરી, ૨૦૨૪ રૂા. ૨૪,૨૩,૭૫૨.૦૦/-	વડોદરા

ઉપર જણાવેલા કરજદાર(રો)/જામીનદાર(રો)અહી બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે. નહીં તો કલમ ૮ અને ૯ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈન્ફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ની જોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કત આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : ૨૩ મે, ૨૦૨૫, સ્થળ : રાજકોટ અને વડોદરા — નિષ્ઠાપૂર્વક અધિકૃત અધિકારી, આઈસીઆઈસીઆઈ બેંક લી. વતી

ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક લિ.

(અગાઉ ઇક્વિટાસ ફાઇનાન્સ લિમિટેડ તરીકે જાણીતી)

રજીસ્ટર્ડ ઓફિસ : નંબર ૭૬૯, સ્પેન્સર પ્લાઝા, ચોથો માળ, ફેઝ-૨, અન્ના સલાઇ, ચેન્નાઈ - ૬૦૦૦૦૨.
પ્રાદેશિક કાર્યાલય : ૭૦૭, સાતમો માળ, ત્રીજો માળ, અભિશ્રી એટ્રોઇટ, સનરાઇઝ મોલ પાસે, માનસી સર્કલ, જજીસ બંગ્લોઝ રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૧૫.

સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટીસ

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮ (૬) અને ૯ સાથે વંચાતા સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ

આથી ખાસ કરીને દેવાદારો, સહ-દેવાદારો, જામીનદારો અને ગીરવેદારો અને જાહેર જનતાને આથી નોટીસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો સિક્યોર્ડ લેણદારને ગીરો કરાયેલ છે, જેનો પ્રત્યક્ષ કબજો ઇક્વિટાસ સ્મોલ ફાયનાન્સ બેંક લીમીટેડના અધિકૃત અધિકારીએ લઈ લીધો છે, જેનું "જ્યાં છે", "જે છે" અને "જેમ છે" ના ધોરણે નીચેના દેવાદારો પાસેથી ઇક્વિટાસ સ્મોલ ફાયનાન્સની બાકી રકમની વસુલાત માટે વેચવામાં આવશે.

ક્ર.	દેવાદાર(રો) અને જામીનદાર(રો) નું નામ અને સરનામું કુલ બાકી + વ્યાજ	સ્થાવર મિલકતની વિગત
1	**૧. મેસર્સ ગુહી હેન્ડ વર્ક (અરજદાર) તેના પ્રોપ્રાઇટર દ્વારા શ્રી અરવિંદભાઈ ધીરુભાઈ દુધાત** પ્લોટ નં.૧૬૫, જય એસ્ટેટ -૨, અંજના ફાર્મ, સુરત -૩૯૫૦૦૬, ગુજરાત **૨. શ્રી અરવિંદભાઈ ધીરૂભાઇ દુધાત જે શ્રી ધીરૂભાઇ નાથાભાઇ દુધાત ના પુત્ર ૩. શ્રીમતી કિરણબેન અરવિંદભાઈ દુધાત જે શ્રી કનુભાઈ મુળજીભાઈ ગેલાણી ની પુત્રી (ગેરન્ટર)** **બંને નું સરનામું -** ૪૨ , શુકન બંગ્લોઝ, સેતુ રેસિડેન્સી નજીક, સરથાણા જકાતનાકા, સુરત શહેર, સુરત, સરથાણા, ગુજરાત -૩૯૫૦૦૬ **અહીં પણ -** ૪૦૬, શુભલક્ષ્મી સોસાયટી, સરદાર પટેલ સ્કૂલ પાછળ, નાના વરાછા, સુરત શહેર, વરાછા રોડ, સુરત, ગુજરાત -૩૯૫૦૦૬ **બાકી નીકળતી રકમ - રૂ. ૭૬,૯૫,૭૧૦.૩૨ /-** (રૂપિયા છત્તેર લાખ પંચાણુ હજાર સાતસો દસ અને બત્રીસ પૈસા પુરા) **૨૩.૦૫.૨૦૨૫** મુજબ બાકી તેમજ **૨૪.૦૫.૨૦૨૫** થી ચઢત વ્યાજ	**શ્રી અરવિંદભાઇ ધીરૂભાઇ દુધાત ની માલિકીની મિલકત મિલકત ન. ૧ -** પ્લોટ નં. ૧૪, ૯૦ x ૫૦ = ૪૫૦૦ ચોરસ ફૂટ એટલે કે ૪૧૮ .૦૨૧ ચોરસ મીટર, "રોયલ વિલેજ", "રોયલ વિલેજ", બ્લોક / સર્વે નં. ૭૦૧, હેકટર ૧૦-૧૦-૦૦ ચોરસ મીટર, મોજે ગામ: કોંઢ, સબ જિલ્લો - વાલિયા, જિલ્લો- ભરૂચ, ગુજરાત ખાતે ના મિલકત ના તમામ ભાગ અને હિસ્સા. **ચતુ: સીમા - ઉત્તર -** પ્લોટ નંબર ૧૫, **દક્ષિણ-** પ્લોટ નંબર ૧૩, **પૂર્વ -** સોસાયટી રોડ, **પશ્ચિમ -** પ્લોટ નં ૧૭. **અનામત કિંમત :** રૂ. ૧૮,૫૦,૦૦૦/- (રૂપિયા અઢાર લાખ પચાસ હજાર પુરા) **અર્નેસ્ટ મની ડિપોઝિટ :** રૂ. ૧,૮૫,૦૦૦/- (રૂપિયા એક લાખ પંચાસી હજાર પુરા) **ઇ-હરાજી વેચાણની તારીખ અને સમય :** ૧૮.૦૬.૨૦૨૫ - બપોરે ૦૧.૦૦ થી ૦૨.૦૦ વાગ્યા સુધી **કબજાની સ્થિતિ:** પ્રત્યક્ષ કબજો **શ્રી અરવિંદભાઇ ધીરૂભાઇ દુધાત ની માલિકીની મિલકત મિલકત ન. ૨ -** પ્લોટ નં. ૨૩, ૯૦ x ૫૦ = ૪૫૦૦ ચોરસ ફૂટ એટલે કે ૪૧૮.૦૨૧ ચોરસ મીટર, "રોયલ વિલેજ", "રોયલ વિલેજ", બ્લોક / સર્વે નં. ૭૦૧, હેકટર ૧૦-૧૦-૦૦ ચોરસ મીટર, મોજે ગામ: કોંઢ, સબ જિલ્લો - વાલિયા, જિલ્લો- ભરૂચ, ગુજરાત ખાતે ના મિલકત ના તમામ ભાગ અને હિસ્સા. **ચતુ: સીમા -